# ગરુડ અને હાથીનો ઝઘડો

– રમણલાલ સોની

એક વાર ગરુડ અને હાથી વચ્ચે ઝઘડો થઈ ગયો.

એક ઊંચા ઝાડ પર ગરુડનું ઘર હતું. એક વાર હાથીએ એ ઝાડની ડાળ તોડી.

ગરુડે કહ્યું : 'એ...ઇ તું મારા ઝાડને કેમ અડયો ? અહીં અમારું પંખીઓનું રાજ્ય છે, પાંખો



વગરનાંને અહીં આવવાની મનાઈ છે.'

હાથીએ કહ્યું : 'હું હાથી છું, હું કોઈની મનાઈને માનતો નથી.'

'હું ગરુડ છું, કોઈ મારો હુકમ ન માને તો હું એને સજા કરું છું. હું તને સજા કરીશ.'

'તું શું સજા કરવાનો હતો ? હું તને સજા કરીશ.' હાથીએ કહ્યું.

બીજે દિવસે ગરુડ આકાશમાં ઊડતો હતો. એટલામાં એણે જમીન પર એક મરેલો સાપ જોયો. સાપ એટલે ગરુડનું તૈયાર ભોજન. ગરુડે સાપને ઉપાડી જવા તરાપ મારી.

હાથી એના પર બરાબર નજર રાખી રહ્યો હતો. એણે કહ્યું : 'એ....ઇ, જમીન પરની કોઈ ચીજને અડકવાનું નથી. અહીં અમારું ચોપગાનું રાજ્ય છે. પાંખોવાળાંને અહીં આવવાની મનાઈ છે.'

ગરુડે કહ્યું : 'હું કોઈની મનાઈને માનતો નથી.'

હાથીએ કહ્યું : 'હું હાથી છું, કોઈ મારો હુકમ ન માને તો હું એને સજા કરું છું. હું તને સજા કરીશ.'

‘તું સજા કરે તે પહેલાં હું તને સજા કરીશ.’ ગરુડે કહ્યું.

તરત જ લડાઈ જાહેર થઈ ગઈ.

પશુઓ અને પંખીઓ વચ્ચે ઘમસાણ યુદ્ધ થયું. બંને પક્ષે ઘણા યોદ્ધાઓ મરાયા.

કપિએ આ લડાઈમાં ભાગ લીધો નહોતો. પશુઓ કહે કે તું ઝાડ પર રહે છે, એટલે તું પશુ નથી, અમને તારા પર વિશ્વાસ નથી. પંખીઓ કહે કે તું ચાર પગવાળો છે, એટલે તું પંખી નથી, અમને તારા પર વિશ્વાસ નથી. આમ બંનેમાંથી કોઈ પક્ષે એને પોતાનો ભેગો ગણ્યો નહોતો. પણ લડી લડીને થાક્યા એટલે પંખીઓએ કપિને કહ્યું : ‘તું ઝાડ પર રહે છે, માટે તું અમારો દૂત; તું અમારો વકીલ છે.’ પશુઓએ પણ એવું જ કહ્યું : ‘કપિ, તું ચાર પગવાળો છે, એટલે તું અમારો દૂત, તું અમારો વકીલ.’

આમ કપિએ બંને પક્ષના વકીલ બની લડાઈ બંધ કરાવી.

લડાઈ બંધ થઈ, પણ બંને પક્ષે સંધિનો કરાર કરવાનો બાકી હતો, તેથી કપિએ કહ્યું : ‘બંને પક્ષ એક જગાએ ભેગા થાઓ ને કરાર પર સહીસિક્કા કરો.’

ગરુડે ને હાથીએ એ વાત કબૂલ કરી.

પણ મળવું ક્યાં ?

હાથીએ કહ્યું : ‘નદી કિનારે મળીએ. સરસ જગા છે.’

ગરુડે કહ્યું : ઊંહ ! નદીમાં મગર છે. હું જમીન પર ઊતરી વાત કરું એટલામાં નદીમાંથી મગર આવી મને ખાઈ જાય એટલા માટે તું આ કહે છે. હું તારી ચાલાકી સમજું છું, મને મંજૂર નથી. મળવાની ખરી જગા નદી નહિ, પહાડ છે. આપણે ગુરુશિખર પર મળીએ.’

તરત હાથીએ કહ્યું : ‘નહિ, હવે ન બને. પહાડ પર મારી આંખો ફોડી ઊડી જવું તને ફાવે એટલા માટે તું આમ કહે છે. મને એ મંજૂર નથી.’ હજી આ બંને મોટા મોટા વચ્ચે સ્થળનો આ ઝઘડો ચાલે છે, પણ એકબીજા પર અવિશ્વાસને લીધે કંઈ નક્કી થતું નથી.

હજી કરાર પર સહી થઈ નથી, પણ કરારમાં લખ્યા પ્રમાણે પંખીઓ જમીન પર હરેફરે છે અને પશુઓ મજેથી જંગલનાં ફળફૂલ ઝાડપાન વાપરે છે.

■